


"જોયું ને..?! આપણી આગાહી સાચી પડી ને..?!"

"ઓ હો હો..! જ્યોતિષ પણ જાણો છો તમે..?!"

"અરે..ભાઈ..! મને કોઈ ગ્રહ-રાશિમાં ખબર નથી પડતી..! હું તો માત્ર વાણી-વર્તનના આધારે અનુમાન કરૂ..! અને સ્થિતિ-પરિસ્થિતિના અણસાર પામીને અનુમાન કરૂ છું... ખુબ સીધી સાદી રીતે..!"

"હા... સાહેબ...હા..! કહેવું પડે બે દિવસથી તમે કહો છો કે અમારા પક્ષમાં અસંતોષની આગ ધીમે-ધીમે સપાટી પર આવશે..! અને એ સાચુ પડ્યું..!"

"હજુ તો જોજો..! કેટલાય તમાશા થશે..! મને તો બીક એ છે કે ૯૬'વાળી ના થાય..!!"

"ના...ના..! એટલું બધું નહી હોં..! થોડુ માપમાં રાખો..! અને આમાંય આ ત્રણ ધારાસભ્યોએ સરકાર સામે અસંતોષ ક્યાં વ્યક્ત કર્યો છે..?! એ તો માત્ર અધિકારીઓની વાત કરે છે..! તમે કાગનો વાઘ કરો છો..!"

"અ હં... તમે બાલમંદિરમાં છો..?! કહેતા ભી દિવાના - સુનતા ભી દિવાના..! રાજ્યમાં સરકાર કોની ચાલે છે..?! અધિકારીઓ કોના માટે કામ કરે છે ?! કોના વતી કામ કરે છે..? આ પ્રશ્નોના જવાબ જો તમે પ્રમાણિકતાથી આપો તો તમને ખબર પડશે કે અસંતોષ કોની સામે છે ?! કેટલો છે ?!"

"પણ સાહેબ..! તમે જેવું ચિતરો છો એવું નથી..! આ તો માત્ર નાનકડી વાત છે... આ તો બે દિવસમાં 'ઘી ના ઠામમાં ઘી"..."

"હજુય ચોકલેટો જ આપ્યા કરો છો..?!"

"હું નહી... મધુ શ્રીવાસ્તવ એવું કહે છે... આજે અમે ત્રણ છીએ... કાલે તેર થઈશું અને ૨૩ને ૩૩ થતાં વાર નહીં લાગે..!! આ શબ્દો મારા નથી... ગમે તેવી મોટી આગ હોય, પણ ચિનગારી તો નાની જ હોય... એ તો તમને ખબર જ હશે ને ?!"

"હા..હા..! આજે તમે ફટકાબાજીના મુડમાં છો... અને એય કાચના ઘરમાં રહીને આવા પથરા ફેંકો છો..! તમારા ત્યાં જ જુઓને..? કેવા ભવાડા ચાલે છે..?! છ મહિના સુધી હજુ તો મનામણા ને રીસામણા જ ચાલે છે..! કામ ક્યારે કરશો તે તે કોને ખબર..?!"

"હા...હા..! એ તો બધે એવું જ હોય.. રાજકારણમાં તો કોણ ક્યારે કોનો દાવ લેશે... એનું અનુમાન અઘરૂ જ હોય છે..!"

"હં હં..હં..હં..! એટલે આખરે તો દાવ લેવાની જ વાત આવી..! બધા એકબીજાનો દાવ જ લે છે એમજ ને..?"

"એમજ... એમજ ને એમજ... આંખ બતાવીને કામ કઢાવવાની આવડત... મોં ફુલાવીને ખુરશી મેળવવાની સતર્કતા... ને લાત મારીને અંગતને ધકેલવાનું કૌશલ્ય એટલે જ રાજકારણ..! પછી એ કોંગ્રેસ હોય કે ભાજપ હોય કે કોઈપણ..!"

"સાચુ કહુ..! છેલ્લા ચાર-પાંચ દિવસથી આ સમાચારો વાંચીએ છીએ - જાણીએ છીએ ત્યારે એમ થાય છે કે આ છાપરાકુદ છાપ ધરાવતા નેતાઓને તો ક્યારેય મત ના આપવો જોઈએ. જેની પાસે કોઈ સિદ્ધાંત નથી, વિચારોની વફાદારી નથી.. પક્ષ પરત્વેનું સમર્પણ નથી એવા રાજકારણીઓને સ્થાન બતાવી દેવાનો સમય આવી ચુક્યો છે..! ક્યાં સુધી આ સહન કરવાનું..? અને કેટલું સહન કરવાનું..?! આજે તેમના પક્ષોમાં થાય છે... આવતીકાલે આપણી શેરીઓમાં થશે અને છેક પરિવાર સુધી પહોંચતા વાર નહીં લાગે..! જાગ્યા ત્યારથી સવાર..! જાગૃત બનીએ... સાવધાની રાખીએ એ જ અણસાર છે આજના..!"

"હા... સાહેબ.. હા....!"



નવા રેલ્વે સ્ટેશન માટે ધમધમાટ - ગાંધીનગર રેલવે સ્ટેશનને અતિઆધુનિક બનાવાઈ રહ્યું છે... નિર્માણાધિન રેલવે સ્ટેશનની ઉપર ફાઈવ સ્ટાર હોટલ પણ બની રહી છે... આગામી જાન્યુઆરીમાં યોજાનાર વાયબ્રન્ટ સમિટ પૂર્વે સમગ્ર કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્ય હોવાથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દરોજેદરોજ કામગીરીની સમીક્ષા કરે છે... ગુરુવારે સાંજે રાજ્યના મુખ્ય સચિવ શ્રી જે. એન. સિંઘે રેલવે સ્ટેશનની મુલાકાત લીધી તે સમયે રેલવેના અધિકારીઓ પણ જોડાયા હતા...

# આવતીકાલે નબળુ પરિણામ ધરાવતી શાળાના આચાર્યો સાથે ડીઈઓની બેઠક

**બોર્ડના પ્રશ્નપત્રના આધારે શિક્ષકોની લેખન કસોટી પણ કરવામાં આવશે**

ગાંધીનગર તા ૨૮

ધોરણ -૧૦ માં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓના આચાર્ય સાથે જિલ્લા શિક્ષણાધિકારીની બેઠક યોજાશે. આગામી તા ૩૦ જુલાઈના રોજ નબળુ પરિણામ ધરાવતી શાળાના આચાર્યો સાથે ડી ઈ ઓ પરામર્શ કરી પરિણામ સુધારણા માટે જરૂરી સુચના આપશે. આ માટે આચાર્ય કક્ષાએ એકશન પ્લાન પણ તૈયાર કરાયો છે. જયારે આગામી દિવસોમાં બોર્ડના વિદ્યાર્થીઓના પ્રશ્નપત્ર આધારે જ શાળાના શિક્ષકોની લેખિત કસોટી લેવામાં આવે તેવુ આયોજન પણ કરવામાં આવશે.

ધોરણ -૧૦ માં છેલ્લા ત્રણ વર્ષથી પરિણામ સુધારણા માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી પ્રયાસો હાથ ધરાયા છે. જેના અંતે માર્ચ ૨૦૧૮ની બોર્ડ પરીક્ષામાં જિલ્લામાં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પણ ઘટી છે. જયારે હજુ પણ આ શાળાઓમાં પરિણામની ટકાવારી સુધારવા માટે ૫૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓમાં પણ પરિણામ સુધારણા અન્વયે જરૂરી પગલા લેવા આયોજન કરવામાં આવી રહયુ છે. જયારે ધો-૧૦ માં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓમાં પરિણામ સુધારણા માટે યોગ્ય પગલા લેવા માટે આચાર્યોને એકશન પ્લાન બનાવવા પણ અગાઉ ડી ઈ ઓ કક્ષાએથી સુચના આપવામાં આવી હતી. જયારે આગામી તા ૩૦ જુલાઈના રોજ સે-૧૨ સ્થિત સરકારી શાળામાં બપોરે ૨ કલાકે એક બેઠકનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. જેમાં ધો -૧૦ની ૧૦ જેટલી ગ્રાન્ટેડ શાળાના આચાર્યો હાજરી આપશે. આ ઉપરાંત નબળુ પરિણામ ધરાવતી શાળાઓના શિક્ષકોની નવતર કસોટી માટે પણ આયોજન કરવામાં આવ્યુ હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. જેમાં શાળાના વિવિધ વિષય શિક્ષકોની બોર્ડના પ્રશ્નપત્રના આધારે પરીક્ષા લેવાશે. આ લેખિત પરીક્ષામાં શિક્ષકોની લેખન શક્તિની પણ ચકાસણી કરવામાં આવશે.

# વાવણીલાયક વરસાદ ખેંચાતા જગતનો તાત ચિંતાતુર

**ગત વર્ષની તુલનામાં ૩ હજાર હેક્ટર ઓછુ વાવેતર થયુ : સૌથી વધુ માણસામાં તો સૌથી ઓછુ વાવેતર કલોલમાં થયુ છે**

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લામાં વાવણીલાયક વરસાદ ખેંચાતા ખેડૂતો દ્વારા જિલ્લામાં વાવણીને મુદ્દે ચિંતાતુર બન્યા છે. આ સપ્તાહે જિલ્લામાં વરસાદના હળવા ઝાપટા જરૂર પડ્યા છે પણ વાવણીની કામગીરી ધીમી પડવા પામી છે.

ગત વર્ષે આ સમયગાળા સુધીમાં ૩૩ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ હતુ જયારે આ વખતે ખરીફ ઋતુમાં ૩૦ હજાર હેક્ટર જેટલુ વાવેતર થયુ છે જે ગત વર્ષની સરખામણીએ ત્રણ હજાર હેક્ટર જેટલુ ઓછુ છે.

જિલ્લામાં ગરમીનો પ્રકોપ પણ જે ૪૦ ડિગ્રીથી લઈ ૪૪ ડિગ્રી સુધીનો નોંધાયો હોવાને કારણે જમીનમાં ભેજનું તત્વ પણ ઘટી જવા પામ્યુ છે.

જમીનમાં ભેજનું તત્વ ઘટતાં તેની ઉગાવા પર વિપરીત અસરો પડતી હોવાથી ખેડૂત હાલ ચિંતાતુર બન્યો છે.

જિલ્લામાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અત્યાર સુધી જે વાવેતર થયુ છે તેમાં સૌથી વધુ વાવેતર માણસા તાલુકામાં નોંધાયુ છે જેમાં ૧૧ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. આ પછી ગાંધીનગર તાલુકામાં ૮૮૦૫ હેક્ટરમાં તો દહેગામમાં ૬૬૦૩ હેક્ટર અને કલોલ પંથકમાં ૨૯૭૭ હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયુ છે.

જિલ્લામાં કપાસનું વાવેતર ૧૭૦૬૦ હેક્ટરમાં તથા શાકભાજીના પાકોનું ૩૦૧૭ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૨૮૪૯ હેક્ટરમાં નોંધાયુ છે. ઘાસચારાનું વાવેતર ૭૩૬૬ હેક્ટર વિસ્તારમાં નોંધાયુ છે.

## વાવણીલાયક વરસાદ માટે ખેડૂતોએ રાહ જોવી પડશે : ખેતીતંત્ર

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લામાં વાવણીલાયક વરસાદ માટે ખેડૂતોએ હજુ રાહ જોવી પડશે તેવુ જિલ્લા ખેતીવાડી તંત્ર દ્વારા જ ખેડૂતો માટે બહાર પડાયેલા બુલેટીનમાં જણાવાયુ છે.

જિલ્લામાં ૩૦મી સુધીમાં વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડી શકે છે તેવી આગાહી ખગોળવિદો સાથેના પરામર્શ બાદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ આપતા તા. ૨૬મીના ૨૫માં બુલેટીનમાં જણાવ્યા મુજબ આગામી પાંચ દિવસોમાં આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે અને હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

મહત્તમ તાપમાન ૩૬.૩૮ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫.૨૬ ડિગ્રી સે.ની આસપાસ રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૩ થી ૮૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. દક્ષિણ-પશ્ચિમ પવનની સરેરાશ ગતિ ૯ કિ.મી. થી ૧૩ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

આ બુલેટીનમાં જ જણાવ્યા મુજબ વરસાદની સંભાવના હોઈ કાપણી કરેલ મગફળી, બાજરી પાકની કાળજી લેવી. વાવણીલાયક વરસાદ થયે સમયસર વહેલી/મધ્યમસર પાકતી જાતોનું વાવેતર હાથ ધરવુ.

બુલેટીનમાં ખેડૂતોને એવુ પણ માર્ગદર્શન આપવામાં આવ્યુ છે કે બિયારણને વાવતાં પહેલાં ૧ કિ.ગ્રા. બીજ દીઠ ૩ ગ્રામ પ્રમાણે ફુગનાશક દવાનો પટ અવશ્ય આપવો.

આ બુલેટીનમાં કપાસ, મગફળી, બાજરી, તલ, મકાઈ, મગ, જુવાર, વરિયાળી, શાકભાજી અને ફળઝાડની વાવણીને લઈ પણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

# શહેરના અગ્રણી અને જાણીતા ગાંધીવાદી સતીષભાઈ પટેલનું નિધન

**શહેરની વિવિધ સંસ્થાઓ અને સામાજિક આગેવાનો દ્વારા અંજલિ અર્પણ કરાઈ**

ગાંધીનગર, તા.૨૮

રાજયના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. બાબુભાઈ જ. પટેલના જયેષ્ઠ પુત્ર અને શહેરના અગ્રણી શ્રી સતીષભાઈ પટેલનું લાંબી માંદગી બાદ આજે નિધન થયું હતું. સદગતના અંતિમ દર્શનાર્થે સવારથી જ જાહેરજીવનના અગ્રણીઓ અને બાપ્સના ભાવિકો મોટી સંખ્યામાં ઉમટયા હતા. સદગતની અંતિમયાત્રામાં નગરજનો નોંધપાત્ર સંખ્યામાં જોડાયા હતા.

સ્વર્ગસ્થ શ્રી બાબુભાઈ જ. પટેલના સંસ્કાર વારસાને જેમણે જીવનભર જાળવ્યો છે એવા સતીષભાઈ નખશીખ ગાંધીવાદી હતા. મીતભાષી, સાદગી અને ચોકસાઈ એમના જીવનના સદગુણો હતા. ગાંધીનગર સીનીયર સીટીઝન કાઉન્સીલ, ગાંધીનગર દૂધ વાપરનારાઓની મંડળી, ગાંધીનગર લાયન્સ કલબ અને ગાંધીનગર જુનિયર ચેમ્બરનું સફળ નેતૃત્વ તેઓએ સંભાળ્યું હતું. ગાંધીનગર જુનિયર ચેમ્બરના તેઓ સ્થાપક પ્રમુખ હતા અને વર્ષો સુધી જુનિયર ચેમ્બરની પ્રવૃત્તિનું નેતૃત્વ કરી સેંકડો યુવાનોને તૈયાર કરવાનું શ્રેય



સતીષભાઈને જાય છે. સીનીયર સીટીઝન કાઉન્સીલમાં તેઓએ ચાર વર્ષ સફળ નેતૃત્વ કરી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ અને પ્રકલ્પો કર્યા હતા. આ ઉપરાંત ખાદી ગ્રામોદ્યોગ અને હાથ બનાવટના કાગળ માટેની સહકારી સંસ્થાઓમાં પણ વર્ષો સુધી તેઓનું યોગદાન રહ્યુ હતું. સાદગીસભર વ્યકિતત્વ સમાન સતીષભાઈના જવાથી ગાંધીનગરના જાહેર જીવનને ભારે ખોટ વર્તાશે.

શહેરના જાણીતા મહિલા અગ્રણી અને સદગતના ધર્મપત્નિ ગીરાબેન પટેલ અને બંને દીકરાઓ મેહુલભાઈ અને મયુરભાઈના સમગ્ર પરિવારને સતીષભાઈ વિલાપ કરતા મુકી ગયા છે. આજે સવારે નીકળેલી તેઓની અંતિમયાત્રામાં પૂર્વ કેન્દ્રિય મંત્રી દીનશા પટેલ તથા પૂર્વ ધારાસભ્ય પોપટલાલ પટેલ સહિત શહેરની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો અને કાર્યકરો જોડાયા હતા.

સદગતનું બેસણું તા. ૧-૭-૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડી, વિશ્વકર્મા મંદિરની સામે, સેકટર-૧૨ ખાતે રાખેલ છે.




ભાજપના પ્રત્યાઘાતો - સર્જિકલ સ્ટ્રાઈકના વિડીયો જાહેર થતાં કોંગ્રેસે કરેલા આરોપો સામે દેશભરમાં ભાજપના કાર્યકરોએ ઉગ્ર દેખાવો કર્યા હતા... ગાંધીનગર શહેર ભાજપના કાર્યકરોએ પણ સેક્ટર-૨૧ કાર્યાલય પાસે કોંગ્રેસની નિતી-રીતિ સામે ઉગ્ર દેખાવો કર્યા હતા...

# દહેગામ તાલુકા પંચાયતમાં વહીવટદારની નિમણુંક કરવાના તંત્ર દ્વારા ચક્રો ગતિમાન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં વહીવટદારની નિમણુંક કરવાની દિશામાં તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

દહેગામ તાલુકા પંચાયતમાં નવા હોદ્દેદારોની ચૂંટણી પછી પરિણામ જાહેર નહિ કરવા સાથે કોંગ્રેસ પક્ષે પણ ચૂંટણી અધિકારી સહિત જિલ્લાના અધિકારીઓ સામે કન્ટેમ્પટ ઓફ કોર્ટની અરજી હાઈકોર્ટમાં દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. આ માટે અધિકારીઓને નોટીસની બજવણી પણ કરવામાં આવી હોવાનું કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યુ છે.

જાણવા મળતી લોકચર્ચા મુજબ હાઈકોર્ટમાં ૬ જુલાઈની મુદત પડી હોવાથી તાલુકા પંચાયતનો વહીવટ ઠપ્પ ન થઈ જાય તે માટે વહીવટદારની નિમણુંક કરવાની દિશામાં તંત્ર દ્વારા સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી છે. આ માટે કાનૂની પરામર્શ પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે. બીજી તરફ માણસા તાલુકા પંચાયતનું પરિણામ જાહેર કરાયુ હોવાની અને તે ભાજપની તરફેણમાં હોવાની વાતોએ પણ લોકજીભે સ્થાન લીધુ છે. કોંગ્રેસ પક્ષે હવે વધુ એક વખત પક્ષાંતરના મુદ્દે ૧૦ સભ્યો સામે કાનૂની જંગ ખેલવાની તૈયારીઓ પણ આરંભી દીધી હોવાનું જાણવા મળેલ છે.

# આરસોડિયામાં રેપીડ રિસપોન્સ ટીમ મોકલવા તંત્રએ મેડીકલ કોલેજને જણાવ્યુ

**સ્ટેટ લાયઝન અધિકારી અને મુખ્ય જિલ્લા અધિકારીએ પણ ગામની મુલાકાત લીધી : ૪ નવા કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના આરસોડિયા ગામમાં કમળાના કેસોની સંખ્યામાં થઈ રહેલા વધારાને પગલે રેપીડ રિસપોન્સ ટીમને સારવારમાં મદદ માટે મોકલવાનો નિર્ણય લેવાયો છે અને આ માટે ગાંધીનગર મેડીકલ કોલેજના સત્તાવાળાઓને જાણ પણ કરી દેવામાં આવી છે. આજે આરસોડિયામાંથી વધુ ૪ કેસ મળી આવ્યા છે. આ સાથે દર્દીની સંખ્યા ૨૧ પર પહોંચી છે.

આરસોડિયા ગામમાં દુષિત પાણી પીવાથી કમળાના કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેનાથી તંત્ર પણ હવે હાંફળુફાંફળુ બની જવા પામ્યુ છે. આજે રાજ્યના લાયઝન અધિકારીએ જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી તેમજ અધિક મુખ્ય આરોગ્ય અધિકારીને સાથે રાખી ગામની મુલાકાત પણ લીધી હતી.

આરસોડિયામાં છેલ્લા ત્રણ દિવસથી કમળાના કેસોએ દેખા દીધી છે. પહેલાં પાણીપુરી ખાવાથી આ કેસો દેખાયા હોવાની તંત્રની માન્યતાનો છેદ ઉડ્યો છે. ગામમાંથી પાણીનુ લિકેજીસ ગઈકાલે જ પંચાયત પ્રમુખ અને અન્ય પદાધિકારીઓની હાજરીમાં મળ્યાનું તંત્રના અધિકારીઓએ જણાવ્યા બાદ લીધેલા પાણીના નમૂના પણ ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

પ્રથમ નજરે જ કાળુ દેખાતુ પાણી આ રોગચાળા માટે જવાબદાર હોવાનું પંચાયત પદાધિકારીઓને જણાતાં તેમણે જિલ્લા વિકાસ અધિકારી કોયાનું ધ્યાન દોર્યુ હતુ. આ પછી તંત્ર દ્વારા તાબડતોબ રેપીડ રિસ્પોન્સ ટીમને પણ સારવાર માટે બોલાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રની અંબાપુર અને આરસોડિયામાં ઉભી થયેલી રોગચાળાની સ્થિતિને

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સરકારી પડતર મેદાનો ભાડે આપવા માટે નિતીનિયમોમાં ફેરફાર કરાયો

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં સરકારી માલિકીના પડતર મેદાનો ટુંકી મુદતે ભાડે આપવાના મામલે નિતી નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે જેમાં વિવિધ ચાર હેતુ માટે વિવિધ ભાડના દર નિયત કરી ડિપોઝીટની રકમ પણ અલગ અલગ નક્કી કરવામાં આવી છે.

**વિવિધ ચાર હેતુ માટે ભાડનો અલગ અલગ દર અને ડિપોઝીટ તેમજ સમયમર્યાદા નક્કી કરાઇ**

ગાંધીનગરમાં સરકારી માલિકીના પડતર મેદાનો ટુંકી મુદત માટે ભાડે આપવાની નિતીમાં ફેરફાર કરાયો છે. જેમાં વિવિધ ચાર હેતુ માટે મેદાનો ભાડે આપવા માટે ભાડનો દર અને ડિપોઝિટની રકમ નિયત કરાઈ છે. જયારે પડતર મેદાનો ભાડે રાખવા માટે ૯૦ થી ૪૫ દિવસની સમયમર્યાદામાં અરજી કરવાનુ પણ જણાંવાયુ છે. જેમાં આર્થિક ઉપાર્જન ન હોય તેવા રાજકીય , સામાજિક અને ધાર્મિક હેતુ માટે પ્રતિદિન રૂ ૧ હજારના ટોકન દરથી મેદાન ભાડે અપાશે જયારે આ માટે રૂ ૨ હજાર ડિપોઝિટ ભરવાની રહેશે. જયારે આ અન્વયે વધુમાં વધુ ૧૦ દિવસ માટે મેદાન અપાશે. જયારે આ માટે લગ્ન સત્કાર સમારંભ માટે ૯૦ દિવસ પુર્વે અરજી કરવાની રહેશે.

આ ઉપરાંત દિવાળી, ઉતરાયણ જેવા તહેવારો સિવાય ખાનગી વ્યક્તિ, સંસ્થાના વેપારી હેતુ માટે મેદાન ભાડાનો દર પ્રતિદિન પ્રતિ ચોમી રૂ ૧૫ રહેશે. જયારે આ માટે ૨૦ હજાર રૂપિયા ડિપોઝીટ ભરવાની રહેશે. વધુમાં વધુ ૩૦ દિવસ માટે ભાડાનો સમયગાળો રહેશે. આ માટે ૪૫ દિવસ પુર્વે અરજી કરવાની રહેશે. જયારે સર્કસ , મેળા જેવા વ્યાપારી હેતુ માટે તેમજ અન્ય ધાર્મિક હેતુ કે જેમાં પ્રવેશ ફી રાખવામાં આવી હોય તેવા કિસ્સામાં ૫૦૦ ચો મી થી વધુ માંગણી હોય તો પ્રતિદિન રૂ ૫૫૦૦ અથવા પ્રતિદિન પ્રતિચોમી રૂ ૨ માં વધુ રકમ હોય તે મુજબ ભાડુ વસુલવામાં આવશે. આ માટે પણ અરજીની સમયમર્યાદા પણ ૪૫ દિવસની રહેશે. જયારે શૈક્ષણિક હેતુ માટે કે જેમાં પ્રવેશ ફી રાખવામાં આવી હોય તેવા અથવા પ્રવેશ ફી રાખવામાં આવી ન હોય તે માટ પ્રતિદિન પ્રતિચોમી રૂ ૧૫ અથવા પ્રતિદિન રૂ ૧ હજાર ભાડુ વસુલવામાં આવશે. જયારે રૂ ૫ હજારથી ૨૦ હજારની ડિપોઝીટ ભરવાની રહેશે. અકથી વધુ અરજીઓ મળી હોય તેવા કિસ્સામાં ડ્રો કરવાનો રહેશે. નિયત સમયમાં મેદાન ખાલી ન કરવામાં આવે તો અઢી ગણુ ભાડુ વધારે વસુલવામાં આવશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com